ગાંધીનગર સમાચાર
તા. ૬-૮-૨૦૧૪, બુધવાર

# તંત્રી સ્થાનેથી....

## રાજકારણમાં 'પુત્રમોહ' પરંપરા

જનતા વાવાઝોડામાં મૂળ સમેત ઊખડી ગયેલાં ઈન્દિરા ગાંધીનું વડાપ્રધાનપદે પુનરાગમન થયું તે સંજય ગાંધીની જહેમત અને રાજકીય સૂઝબૂઝને કારણે જ શક્ય બન્યું હતું. પરંતુ સંજયની આંખ મીંચાતાંની સાથે મેનકા અળખામણાં બની ગયાં હતા. કારણ કે ખુદ ઈન્દિરા ગાંધી પુત્રવાદી વારસાઈ આગળ ધપાવવા કૃતસંકલ્પ હતા. મેનકા 'પારકી' જણી હતી, રાજીવને રાજકારણ સાથે સ્નાનસૂતકનો સંબંધ નહોતો, પરંતુ ઈંદિરા નહેરુવંશનું લોહી જ એમની વારસાઈ જાળવે, એવું ઈચ્છતાં હતા. તેથી નાછૂટકે પત્ની સોનિયાનો અણગમો વહોરીને રાજીવ ગાંધીને પાઈલટની મનગમતી કારકિર્દીને અધવચ્ચે અલવિદા કહી રાજકારણના રણમાં ખાબકવું પડ્યું હતું. રાજીવ ગાંધીના અકાળ અવસાન પછી કોંગ્રેસના વામણા ખુશામતખોરોએ એમનાં યુવાન વિધવાને નેતૃત્વની કમાન સંભાળવા મજબૂર કર્યા હતા. નરસિંહરાવ કે સીતારામ કેસરી તો કામચલાઉ 'સ્ટોપ ગેપ' વ્યવસ્થા જેવા જ હતા. સોનિયા ગાંધીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસને ફરી એકવાર દસ વરસ જેટલો શાસનકાળ પ્રાપ્ત થયો ત્યારે વડાપ્રધાન તરીકે નીમાયેલા ડૉ. મનમોહનસિંહ કહ્યાગરા કંથની જ ભૂમિકામાં રહ્યા હતા, તે સર્વિવિદત છે. આ દસ વર્ષનો સમય ગાંધીપરિવારના રાજકુંવર રાહુલને નેતૃત્વની તાલીમ મળી રહે, એટલા પૂરતું સોનિયા ગાંધીએ પ્રોક્ષી વડાપ્રધાન તરીકે (યુપીએનાં ચેરપર્સન અને કોંગ્રેસનાં અધ્યક્ષા તરીકે) રાજ ચલાવ્યું. જો ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળનું ગઠબંધન બહુમતી મેળવી શક્યું હોત તો આજે દેશનાં વડાપ્રધાનપદે રાહુલ ગાંધી જ બિરાજમાન હોત. સોનિયા અમ્માએ આ માટે વ્યવધાનરૂપ બની શકે એવા વરિષ્ઠ કોંગ્રેસી નેતા પ્રણવ મુખર્જીને પહેલાંથી જ રાષ્ટ્રપતિ બનાવી દઈ રાહુલનો માર્ગ એકદમ નિષ્કંટક બનાવી દીધો હતો. હવે જયારે રાહુલ વડાપ્રધાનપદ મેળવવામાં નિષ્ફળ ગયા છે ત્યારે કોંગ્રેસી નેતાઓ એમના વિકલ્પ તરીકે પ્રિયંકા ગાંધીને પ્રોજેક્ટ કરાય એવું ઈચ્છવા લાગ્યા છે. સોનિયાનો પુત્રમોહ અકબંધ છે. તેથી તેઓ પોતે કોંગ્રેસનું અધ્યક્ષપદ છોડી દઈ એ પદ પર રાહુલને બિરાજમાન કરવા તૈયાર થયાં છે. પ્રિયંકા રાષ્ટ્રીય મહાસચિવ બની શકે અને ઉત્તરપ્રદેશ પૂરતાં વિશેષ સક્રિય રહે, એમાં સોનિયાને વાંધો નથી. બીજી તરફ એમનાં વિદ્રોહી દેરાણી અને કેન્દ્રની મોદી સરકારનાં કેબિનેટ મંત્રી મેનકા ગાંધી પોતાની લક્ષ્મણરેખા જાણે છે. તેથી વરૂણ ગાંધીને દેશના વડાપ્રધાન બનાવવાનું સપનું તો એ જોઈ શકે એમ છે જ નહીં, પરંતુ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બનાવવાનું સપનું જરૂર સેવી રહ્યાં છે. પીલીભીતના પોતાના સંસદીય ક્ષેત્રમાં જઈ લોકોના પ્રશ્નો હલ કરવામાં નડી રહેલી મુશ્કેલીના મૂળમાં એમણે સ્થાનિક સમાજવાદી સરકારને કારણભૂત ગણાવી છે. એમણે મનનાં અતાગ ઊંડાણમાં ધરબાયેલી મંશા વ્યક્ત કરવામાં સંકોચ નથી દાખવ્યો : 'જો ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવની જગ્યાએ વરૂણ મુખ્યમંત્રીપદે હોત તો તમારે કશું કહેવું જ ન પડત. કેન્દ્રમાં અમારી ભાજપ સરકાર છે એમ અહીં પણ વરૂણ ગાંધીની ભાજપ સરકાર હોય તો મોસાળમાં જમવાનું અને મા પીરસનારી - જેવો સુભગ સંજોય સરજાય.' આ રીતે જાહેર સંબોધનમાં મનાં ખૂણે સળવળતા અભરખા વ્યક્ત કરીને મેનકા ગાંધીએ ભાજપની નેતાગીરીને ભવિષ્યમાં ઉત્તરપ્રદેશની ચૂંટણી વરૂણ ગાંધીનું નામ આગળ કરીને લડાવી જોઈએ, એવો સંકેત પાઠવી દીધો છે. જો કે ભાજપના પ્રદેશ પ્રમુખ વક્ષ્મીકાંત વાજપેયીએ તાબડતોબ આ નિવેદન સાથે પાર્ટીને કશો જ સંબંધ નહીં હોવાની સ્પષ્ટતા કરી દઈ મેનકા અને વરૂણ - બેઉને એમની હેસિયત બતાવી દીધી છે. નરેન્દ્ર મોદી જેવા વિચક્ષણ વડાપ્રધાન ઉત્તરપ્રદેશ જેવા મહત્ત્વના અને સૌથી મોટા કદના રાજયમાં નહેરું - ગાંધી પરિવારને પાંગરવા દે એ વાતમાં માલ નથી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ચૂંટણી ટાણે વરૂણ - સોનિયાને કદ મુજબ વેતરી નાખી 'હિંદુત્વવાદી' મૂળ ભાજપના નેતાઓની જ લાઈન પર આગળ વધવાનું પસંદ કરશે, પરંતુ ધૃતરાષ્ટ્રના જમાનાથી ચાલી આવતી પુત્રમોહ પરંપરા મેનકા ગાંધી સુધી અકબંધ રહી છે, એની નોંધ પાર્ટીમાં અને મીડિયામાં જરૂર લેવાશે!



## સોરાબપુરા પ્રાથમિક શાળાના બાળકોએ વૃક્ષ ઉછેરની પ્રતિજ્ઞા લીધી

તાલુકાના સાદરામાં આવેલ મહાદેવભાઈ દેસાઈ શારિરીક શિક્ષણ મહાવિદ્યાલય રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા રાજ્યનો ૬૫મો વન મહોત્સવ હાલમાં યોજવામાં આવ્યો. રાજ્યના જિલ્લાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું ત્યારે સાદરા રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રો. ડૉ. નિરજ સિલાવટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત સોરાબપુરા ગામની પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ૫ ના બાળકોએ વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે બાળકોને વૃક્ષઉછેર, સંરક્ષણ અને જતન કરવાની પ્રતિજ્ઞા પ્રા. રમેશભાઈ પટેલે લેવડાવી હતી. અરવિંદભાઈ રામીએ આભારવિધિ કરી હતી.

## સે. ૧ બચપન પ્લે સ્કૂલના બાળકોએ ઉવારસ ડેન્ટલ કોલેજની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૫

શહેરના સેક્ટર-૧માં આવેલ બચપન પ્લે સ્કૂલના બાળકોને ઉવારસદમાં આવેલ કર્ણાવતી ડેન્ટલ કોલેજની શૈક્ષણિક મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. બાળકોને દાંત સફાઈ અને રોગ વિશે ડૉક્ટરો દ્વારા માહિતી આપવામાં આવી હતી.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧માં આવેલ બચપન પ્લે સ્કૂલના બાળકોને દાંત અને તેના રોગો વિશે માહિતી મળે તે હેતુથઈ ઉવારસદમાં આવેલ કર્ણાવતી ડેન્ટલ કોલેજની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન કોલેજના ઈન્ટર્ન ડૉક્ટર્સ દ્વારા તમામ બાળકોના દાંતની તપાસ કરવામાં આવી હતી તેમજ મુલાકાતમાં દાંતની સાર-સંભાળ કેવી રીતે કરવી તે માટે પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું હતું. કોલેજમાં બાળકોના વિભાગમાં એક્ઝીબિશન બનાવવામાં આવ્યું હતું. ત્યારે બાળકોને યાદગીરીરૂપે હૉસ્પિટલ તરફથી કોલગેટ ટૂપપેસ્ટ અને નોટબૂક આપવામાં આવી હતી.

## સેક્ટર-૧ના તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે

પેન્શનર્સ સમાજ સેક્ટર-૧ના પ્રમુખશ્રી એસ.ડી.આર. મલિકના જણાવ્યા પ્રમાણે સેક્ટર-૧માં રહેતા દરેક નિવાસીઓના બાળકો (તે પેન્શનર હોય કે ન હોય) કે જેઓએ આ વર્ષે ધો-૧૦ કે ધો-૧૨ની પરીક્ષામાં ૮૦ટકા અથવા તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા બાળકોનું સન્માન કરવાનો કાર્યક્રમ અત્યાર સુધી પેન્શનર્સ સમાજ સે-૧ દ્વારા કરવામાં આવતો હતો જયારે આ વર્ષથી આવા બાળકોને સન્માનવાનો કાર્યક્રમ ઉત્સવ સમિતિ સે-૧ તરફથી નવરાત્રિ ઉત્સવ દરમિયાન કરવામાં આવનાર છે તેવું ઉત્સવ સમિતિના પેટ્રન મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા પ્રમુખ એન.પી. પટેલ તરફથી જણાવવામાં આવેલ છે. તો તેઓશ્રીએ પોતાના તેજસ્વી બાળકો જેઓ ધો-૧૦ કે ધો-૧૨માં ૮૦ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ છે તેની માર્કશીટની ઝેરોક્ષ નકલ પર પોતાનું નામ, સરનામું, ટેલીફોન નંબર, બાળક સાથેનું સગપણ લખી સ્વયં પ્રમાણીત કરી સંસ્થાના નીચે જણાવેલ કાર્યકરોને ૨૫મી ઓગષ્ટ સુધીમાં પહોંચાડવાની રહેશે. એસ.ડી. આર. મલિક-૨૩૨૩૨૭૭૭, અશોકભાઈ જે. શાહ-૨૩૨૩૭૩૩૩, જે.એલ. શાહ-૨૩૨૩૦૬૫૪ અને જી.પી. વ્યાસ-૨૩૨૨૫૨૯૨.

## ગોઝારિયા પ્રાથમિક કન્યા શાળામાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

ગોઝારિયા આદર્શ પ્રાથમિક



કન્યા શાળામાં નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધા 'નિર્મલ ગુજરાત', 'સ્વચ્છતા ત્યા પ્રભુતા', 'મારી શાળા : નિર્મળ શાળા' વિષય પર સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ધોરણ-૫ માં અભ્યાસ કરતી પલક સોલંકીએ પ્રથમ નંબર મેળવ્યો હતો. સ્પર્ધામાં ગીતાબેન દ્વારા તમામ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## હરિની દ્રષ્ટિ...




ગભરાઇશ નહીં પાના ઊતર...આ લોકોને વહેમ છે કે, આપણે ખુલ્લામાં શૌચ કરવા બેઠા છીએ... એનો નવો આના કરતા પણ કડક કાયદો આવ્યો છે...!!

## પ્રેરણા વિદ્યાલયની જમ્પરોપ અને રોપ સ્કીપીંગની ટીમની રાજ્યકક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાકક્ષાની શાળાકીય રમતો જમ્પરોપ અને રોપસ્કીપીંગની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં જમ્પરોપમાં અન્ડર-૧૯ તેમજ રોપ સ્કીપીંગમાં અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ માં ભાઈઓ તેમજ બહેનોના વિભાગમાં પ્રેરણા વિદ્યાલયની ટીમે ખૂબ સુંદર દેખાવ કર્યો હતો. આ ટીમ વિજેતા બની હતી અને તેમની રાજ્યકક્ષાએ રમવા માટે પસંદગી કરાઈ હતી. જેથી શાળાનું ગૌરવમાં વધારો થયેલ છે. આ ટીમના ખેલાડીઓને જમ્પરોપ અને રોપસ્કીપીંગના ગુજરાતના જાણીતા કોચ ભરતજી ઠાકોર દ્વારા તાલીમ અપાય છે.

આ સ્પર્ધામાં રોપ સ્કીપીંગમાં અન્ડર-૧૯માં ભાઈઓની ટીમ પણ વિજેતા બની હતી. તમામ ખેલાડીઓને ટ્રસ્ટી નરેશભાઈ શાહ, પ્રદિપસિંહ બિહોલા તેમજ આચાર્યા સ્વાતિબા રાઓલે અભિનંદન પાઠવ્યા હતા.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. વર્ષ ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી ફાગવેલ તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?

→ **કપડવંજ, કઠલાલ**

૨. વર્ષ ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી બોડેલી તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?

→ **સંખેડા, જેતપુર પાવી**

૩. વર્ષ ૨૦૧૩માં અમેરિકા ખાતે ભારતીય દૂત તરીકે કોની વરણી કરાઈ છે ?

→ **જયશંકર સુબ્રમણ્યમ**

૪. વર્ષ ૧૯૬૫માં ડોલ્બી સાઉન્ડના કયાં શોધકનું તાજેતરમાં નિધન થવા પામ્યું હતું ?

→ **રે ડોલ્બી**

૫. વર્ષ ૨૦૧૩માં લંડનમાં બ્રિટન હાઉસ ઓફ કોમર્સના સાંસદ જૉન બાર્કા દ્વારા અમિતાભ બચ્ચનને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?

→ **ગ્લોબલ ડાયવર્સિટી એવોર્ડ-૨૦૧૩**

૬. વર્ષ ૨૦૧૩માં સીરિયાના રાસાયણિક શસ્ત્રોના નાશ માટે કયાં બે દેશો વચ્ચે સમજૂતી કરાર થયા હતા ?

→ **અમેરિકા - રશિયા**

૭. વર્ષ ૨૦૧૩માં ભારતની કઈ લેખિકાને અફઘાનિસ્તાનમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી ?

→ **સુષ્મિતા બેનરજી**

૮. વર્ષ ૨૦૧૩માં બલ્ગેરિયાના કયા નાગરિકે ગિનિસ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવવા હાથ-પગ બાંધી બે કિ.મી. તરવાનો નવો રેકોર્ડ બનાવ્યો છે ?

→ **જેન પેત્કોય**

૯. તામિલનાડુમાં તાજેતરમાં અમ્મા મિનરલ વોટર કોનાં હસ્તે લોન્ચ કરવામાં આવ્યું હતું ?

→ **મુખ્યમંત્રી જયલલિતા**

૧૦. વર્ષ ૨૦૧૩માં તામિલનાડુના મુખ્યમંત્રીના હસ્તે લોન્ચ કરવામાં આવેલ અમ્મા મિનરલ વોટર યોજનામાં નાગરકો કેટલા રૂપિયામાં પાણીની બોટલ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે ?

→ **રૂા. ૧૦માં**

૧૧. આપમેળે સંધાઈ જાય તેવું નવું પોલિમર કયું શોધાયું છે ?

→ **ટર્મિનેટર**

૧૨. વર્ષ ૨૦૧૩માં પૂણેના નારાયણ ગામ પાસેના ખોડાદમાં વિશ્વનો સૌથી મોટો 'જાયન્ટ મેટ્રોવેવ રેડિયો ટેલિસ્કોપ' કોના હસ્તે ખુલ્લો મુકાયો હતો ?

→ **ગોવિંદ સ્વરૂપ**

૧૩. વર્ષ ૨૦૧૩માં રિઝર્વ બેંકે ગોલ્ડ જવેલરી ઉપરની આયાત-જકાત ૧૦ ટકાથી વધારીને કેટલા ટકા કરી છે ?

→ **૧૫ %**

૧૪. વર્ષ ૨૦૧૩માં બુડાપેસ્ટ ખાતે યોજાયેલ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશીપમાં ૫૫ કિ.ગ્રા. વયજૂથમાં ભારતનાં અમિત કુમારે કયો મેડલ જીત્યો હતો ?

→ **સિલ્વર**

૧૫. વર્ષ ૨૦૧૩માં વિશ્વના કયા દેશે વિશ્વનું સૌથી ઊંચું એરપોર્ટ (હવાઈમથક) શરૂ કર્યું છે ?

→ **ચીન**

૧૬. વર્ષ ૨૦૧૩માં ચીન દ્વારા શરૂ કરવામાં આવેલું વિશ્વનું સૌથી ઊંચા એરપોર્ટનું નામ શું છે ?

→ **યાટિંગ એરપોર્ટ**

૧૭. વર્ષ ૨૦૧૩માં યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા મંગળ પર સંશોધન માટે કયો રોબોટ મોકલાયો હતો ?

→ **સ્નેક**

૧૮. ગ્લોબલ રેન્કિંગમાં વિશ્વમાં ભારતની કઈ યુનિવર્સિટીને સૌથી ખરાબ યુનિવર્સિટી તરીકે સ્થાન અપાયું છે ?

→ **કોલકાત્તા યુનિવર્સિટી**

૧૯. કેન્દ્ર સરકારે તાજેતરમાં બિનયોજનાકીય ખર્ચમાં કેટલા ટકા ઘટાડો કરવાની જાહેરાત કરી છે ?

→ **૧૦ %**

૨૦. વર્ષ ૨૦૧૩માં ગુગલ ગોગલ્સ પહેરીને બારિયાટ્રિકનું ઓપરેશન કરનાર પ્રથમ ભારતીય સર્જન બનવાનું માન કોણે મેળવ્યું હતું ?

→ **ડો. જે.એસ. રાજકુમાર**

# લલકાર છે વીરોને, મા સંસ્કૃતિનો પોકાર છે - તેજોમય ભારત

## વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

જયોતિ જયારે પોતાના તેજને પાથરવાનું અને વિસ્તારવાનું શરૂ કરે છે ત્યારે અંધકારને ખોટું લાગવાની ટેવ છે. પાંડવો જયારે રાજસૂય યજ્ઞ કરે છે ત્યારે કૌરવોની ઊંઘ ઉડી જાય છે. જંગલમાં જયારે સિંહની ત્રાડ પડે ત્યારે દૂર રહેલા શિયાળવા બૂમ પાડવાનું શરૂ કરે છે. ભાગો સિંહ આવ્યો...' અંગ્રેજો વર્ષો સુધી અહીં જામી ગયા અને પોતાની સાબિતીરૂપ અંગ્રેજી ભાષા મૂકતા ગયા તેમ અંગ્રેજી સંસ્કૃતિને પણ છોડતા ગયા હોં! કેટલાકને સંસ્કૃતિ એટલી ગમી ગઈ કે આજે પણ તેના ગુણગાન ગાવામાં આગળ નથી વળી શક્યા. વાત ભારતનાં ભવ્ય ભૂતકાળની નીકળે કે ભારતના વિકાસની આવે તેમના ગળે આ વાત અટવાઈ પડે છે. જયારે ગળામાં આ ભાર વધી જાય એટલે બૂમાબૂમ શરૂ કરી દે છે. 'ભારતનો કોઈ ઈતિહાસ નથી, ભારતની કોઈ સંસ્કૃતિ નથી' આવી બૂમો આ ટોળી સિવાય કોઈ પાડતું નથી. આ ટોળકીમાં બધા વર્ગમાં લોકો ગોઠવાઈ ગયેલા છે. તેમની બૂમાબૂમ સાંભળનારા કશો ઉત્તર આપે તે પહેલાં તો તેને સિદ્ધ કરવા એ જ વિચારધારના બે વ્યક્તિઓ ન્યાયાધીશ અને વકીલ બની એક તરફી ન્યાય તોળી નાખે છે. અત્યાર સુધી આપણે આ દ્દશ્ય જોયા હોય કે ન જોયા પણ આ હકીકત છે.

છેલ્લા પંદર દિવસથી લગભગ બધી જાહેર સ્થાનોથી 'તેજોયમ ભારત' ને પોતાનો મૂલ્યવાન સમય આપ્યો છે. કેટલાકે પ્રવાહની સાથે ચાલીને, કેટલાયે પોતાની અજ્ઞાનતા દર્શાવવા તો કેટલાકે પોતાની શ્રેષ્ઠતા દેખાડવા આ વિષયને લઈને કૂદી પડ્યા છે.

છાપામાં સમાચાર વાંચીને ગભરાઈ જતાં 'ચોપાનિયા ભગતો'થી આખો દેશ ઉભરાય છે. દિવસ ઉગે અને છાપામાં વાચે 'મોંઘવારી વધી' તો બૂમો પાડે અને મોંઘવારી ભથ્થાને મૂંગે મોઢે સ્વીકારી લે. આવા લેભાગુથી શું કરવાનું? ગરીબનાં ઝૂપડાંને કદી હાથ ન અડકારનારની બૂમોથી શું કોઈ કિંમત ખરી કે? સમાજને કોણ માર્ગ બતાવે છે? કેટલાક રૂઆબદાર વિચારકો અને દેશભક્તિની લથબથ, સત્યના માર્ગે ચાલનાર યુવાવૃત્તિના લોકોથી, સમાચારની ચાર પંક્તિઓ પણ જાણે બધાંની નજરે લાગી ગઈ. સમાચારોમાં છપાયું કે -

- શાળાઓમાં દિનાનાથ બત્રાના પુસ્તકો વહેંચવા રાજય સરકારના પરિપત્રની હોળી થઈ.

- ગુજરાત સરકારે સંઘના દિનાનાથ બત્રાનાં પુસ્તકો વિદ્યાર્થીઓમાં વહેંચવાનો કર્યો છે પરિપત્ર.

- દિનાનાથ બત્રાનાં પુસ્તકોમાં ભારતનાં નકશા અને ઈતિહાસ સાથે ચેડા કરવાનો પ્રતિપક્ષનો આક્ષેપ.

એક સમયે ભારત કર્મની રાજધાની અને જ્ઞાનની પાઠશાળા હતું. અરે ભાઈઓ! આપણા વિદ્યાર્થીઓને આપણે દેશની શ્રેષ્ઠ વાત ધ્યાનમાં હશે તો તે ગૌરવની લાગણી અનુભવી શકશે. જેમ કે. ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ અગાઉ ભારતીય સંસ્કૃતિનો વિકાસ થયો. એક સાદા અંદાજ પ્રમાણે જે દેશની આટલી પ્રાચીન સંસ્કૃતિ હોય તે દેશ કેમ આગળ વધી વિકસીત થયો હશે તે જાણવું રસપ્રદ હોય!

બાળકોને જયારે ખબર પડે કે પરાશર નામના જયોતિષશાસ્ત્રીઓ 'વર્ષાધિપતિ' નામની પદ્ધતિથી વરસાદની સચોટ માહિતી આપી શકતા હતા. (પદ્ધતિ પુસ્તકમાં આપી છે) ગાર્ગ્ય નામનાં વૈજ્ઞાનિકે બીજ સંગ્રહની રીત આપી છે. બાળકોને માટે લખાયેલ આ પૂરકવાંચન સામગ્રીમાં નૌકાવિદ્યાની પૂરતી માહિતી આપી છે. અગત્સ્ય નામના ભડવીરે સમુદ્રમાં ઘણાં દેશો ખૂંદી વળ્યાં હતા. (મીથની ભાષામાં સમુદ્ર પી ગયા હતા.) ગુજરાતમાં લોથલમાં થયેલ ખોદકામથી મળેલા અવશેષોને આધારે ખ્યાલ આવે છે કે ઈ.સ. પૂર્વે ૨૪૫૦ આજુબાજુ બનેલા બંદરો દ્વારા ભારતનો ઈજિપ્ત સાથે સીધો સમુદ્રીવ્યાપાર હતો. ભારત જગતનું પ્રાચીનત્તમ રાષ્ટ્ર છે. ત્રિકોણમિતિ, પાઈની કિંમત, બીજગણિત, દશાંસ પદ્ધતિ આપણા ગણિતશાસ્ત્રીઓએ વિશ્વને આપી.

પુસ્તક ભારતની સાર્વભૌમિકતાને મજબૂત બનાવવા માટે રચાયું છે. બાળકોમાં શાળાકક્ષાએથી જ પરસ્પર એકતા વધે, આત્મગૌરવ મજબૂત થાય અને દેશ માટે અભિમાન થાય તેવા વિષયોને સ્વીકારવામાં આવ્યા છે. પ્રાચીન સાહિત્ય તરીકે વેદ, ઉપનિષદ, સ્મૃતિ સાહિત્ય અને શ્રીમદ્ ભગવદગીતાનો અભ્યાસ આખી દુનિયાના ચિંતકો કરે છે. મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સ્ટ્રેસ દૂર કરવા માટે ગીતાનો કર્મયોગની થીયરીનો અભ્યાસ કરે છે. ભારતના વિદ્વાન પ્રાધ્યાપકો ગીતાના વિચરો દુનિયાભરનાં વિદ્યાર્થીઓને વર્ગખંડમાં ભણાવી રહ્યા છે.

બાળકોના માનસને આપણા પરાક્રમી રાજાઓની વાતોથી ભરી દેવાની જરૂર છે. પુષ્યમિત્રએ યવન આક્રમણોખોરોને વીરતાથી સામનો કરીને ભગાડી મૂક્યા હતા. પ્રયાગના સ્તંભલેખ અનુસાર સમગ્ર ભારતને સ્વાયત્ત કરનાર રાજા સમુદ્રગુપ્ત હતો. શક હુમલાખોરોને ભગાડનારા રાજા વિક્રમાદિક્યને તેની બહાદુરી માટે સદાને માટે યાદ રાખવા જોઈએ. હૂણ વંશનાં ક્રૂરરાજા મિહિરકૂલને પરાજિત કરનાર યશોવર્માને ભૂલવા જેવા નથી. રેકોર્ડ અને સંદર્ભ સાહિત્ય આંગળી ચીંધતા કહે છે કે, ભારતનો ધાતુ વ્યાપાર યુરોપ, ચીન, આરબ, દેશો, ઈજીપ્ત અને રોમ સાથે ગણનાપાત્ર હતો. ભારતીય લોખંડ તથા સ્ટીલમાંથી બનતાં ઓજારોની યુદ્ધ તથા કૃષિક્ષેત્રે ભારે માંગ હતી. ભારતીય કારીગરો ૧૮૦૦ સદી સુધી કાર્બનયુક્ત બનાવવામાં માહેર હતા. જેમાંથી પ્રખ્યાત 'દમસ્કસ તલવાર' બનાવી હતી. ૧૮૦૦ સદીમાં યુરોપીય ધાતુ વૈજ્ઞાનિકોએ ભારતીય ઈસ્પાત (લોખંડ) બનાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમાં નિષ્ફળતા મળી. વૈજ્ઞાનિક માઈકલ ફેરાડે એ પણ પ્રયત્ન કર્યો, જેમાં તેને નિષ્ફળતા મળી. આપણી યોગવિદ્યા અત્યારે પણ દુનિયાભરમાં એની અદ્વિતીય ઈલાજ પદ્ધતિ માટે યશોવર્ધિત થઈ રહી છે. (અમેરિકામાં ૨૦૧૬થી કાયદેસરના આયુર્વેદનાં અભ્યાસક્રમો અને નિદાનની પ્રેક્ટીસ શરૂ થશે.) વસ્ત્રવિદ્યા, રસાયણ વિદ્યા, ધર્નુવિદ્યા, અને કૃષિવિદ્યા ભારતમાં સદીઓથી અસ્તિત્વમાં હતી. આધુનિક યુગમાં વિવેકાનંદજી, ગાંધીજી, ટાગોર અને છેલ્લે ડૉ. અબ્દુલ કલામ સુધીનાં મહાનુભાવોને લીધે જ આપણો દેશ મહાન બની શક્યો છે.

તો પછી આ બધું બરાબર તો છે જ. એની કોઈને ના પણ નથી. આપણા દેશની કેટલીક વૈશ્વિક બાબતો જે આપણને ગૌરવ અપાવનારી છે એ વાત પણ સાચી. વિરોધનાં મૂળમાં કેટલાંક મનોસામાજિક અને રાજકીય કારણ વધારે મજબૂત લાગે છે. જેમ કે, અભ્યાસ દરમિયાન સતત વિદેશી વિદ્વાનોના નામ સંદર્ભગ્રંથોમાં વાંચ્યા હોવાથી જયારે કોઈ ભારતીય વિદ્વાન કે શોધકનું નામ આવે ત્યારે ગૌરવની લાગણીને બદલે સંશય કે વિદ્રોહની લાગણી આવી શકે? શાળા કક્ષાએ કેટલાક વિષયોમાં સિદ્ધાંત કે વાદ જન્માવનાર માત્રને માત્ર વિદેશી વિદ્વાનોના નામ મૂકવામાં આવ્યા હોવાથી જયારે ત્યાં પણ ભારતીય ચિંતક કે સંશોધકનું નામ આવે ત્યારે મનમાં મિશ્રિત લાગણી જ જન્મે? જેમ કે, મેનેજમેન્ટ, મનોવિજ્ઞાન, મેડિકલ, વિજ્ઞાનની બધી શાખાઓમાં ભાગ્યે ભારતીય વિદ્વાનની વાત આવતી હોય. કોઈ બાળક જેમ આયાબેન પાસે રહીને મોટું થયું હોય તો તેની માતા સાથેનો તેનો વ્યવહાર કેવો થાય? ભારતીયોની માનસિક સ્થિતિ કદાચ આ પ્રમાણેની ઘડાઈ ગઈ છે. પણ બીજાની માતા ગમે તેટલી મહાન હોય એટલે આપણી માતાને અવગણાય ખરી કે?

ભારતમાં વર્ષો સુધી એક જ પ્રકારની વિચારધારાનું રાજકારણ ખેલાતું રહ્યું છે. આથી તેની એક વિચાર સંસ્કૃતિએ જન્મ લીધો અને બિનસાંપ્રદાયિકતાની એક 'વિશેષ' વ્યાખ્યા ઊભરી આવી. જેમાં બહુમતિને કોરાણે મૂકવાની રીતો અજમાવયી. જયારે અન્યમાં પ્રશ્નોને વધુ પ્રાથમિકતા આપવાની. કારણ કે તે જ અત્યાર સુધી આપણે સરકારને વધુ લાભ કરાવનારા બની રહ્યાં છે.

સફેદ લુગડાવાળા રાજકીય લોકોને વોટની
તો સ્માર્ટ પત્રકારોને વાચકોની
વળી 'ટાઈટ' ઈલેક્ટ્રોનિક મિડિયાને પ્રેક્ષકોની
પેલા ખોટા 'એ.સી.' ઈતિહાસકારોને જૂટ પકડાઈ જવાની
અને મારા તમારા જેવાને ? વિચારજો...
હા, આપણને કાલના સુખની!
પણ કેટલાક વિચારક, દેશપ્રેમી સૌને
આપણા સૌની પડી છે...
... જે માતાના લાખો શહિદો
રોપાઈ ગયા હોય જેલની દિવાલોમા...
જય હિંદના નારાથી આકાશ ગજવતા
રૂધિરથી લથપથ કણસતા...
તેને... ભારતના ખૂનની કિંમત હોય...
ધન અને અર્થ છે આપણા
ભૂમિની અસ્મિતા,
જવાનોની ખુમારી
વીરોની શૂરવીરતા...
આપણા સૌનું સારું ભવિષ્ય
સ્વાતંત્ર્ય
ભવ્ય ભૂતકાળ...

આજે ભારતમાં બે ભારત વસે છે. એક અભાવથી ગ્રસ્ત, બીજો અન્યાયથી ત્રસ્ત. એકમાં બધું જ અઢળક છે. બીજામાં બાળકને ખવડાવવા

● અનુસંધાન પાના - ૭ પર